ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૮-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

# રક્ષાબંધન પર્વ

રક્ષાબંધનથી વધુ પવિત્ર અને લાગણીભીનું પર્વ શોધવા મગજ કસવું પડે. ભાઇબીજ પણ ભાઇબહેનના પ્રેમનું જ પર્વ છે, પરંતુ એમાં 'રક્ષા'નો ખ્યાલ નથી હોતો, ફક્ત જમવા - જમાડવાની જ વાત હોય છે. બહેન માટે ભાઇના જીવનથી વધુ મૂલ્યવાન બીજું હોઇ જ શું શકે? બાપનું ઘર ઉઘાડું રહે, એનો વંશવેલો વધે, સુખસમૃદ્ધિ અને માનમરતબો વધે એ જ દરેક બહેનની અંતરેચ્છા હોય છે. એ જૂની પરંપરા મુજબ બહેન બાપની મિલકતમાં કોઇ જ ભાગ પડાવતી નથી. એ તો પિયરનો પ્રેમ અને સદ્‌ભાવ જળવાઇ રહે એટલી જ અપેક્ષા હોય છે. આવી ત્યાગ-તપસ્યા અને તિતિક્ષાની જીવંત મૂર્તિ સમી બહેન સપરમા પર્વ પ્રસંગે ઉમળકાભેર પિયર આવીને ભાઇના કાંડા પર એના હૈયાનાં હેતના બે તાંતણા બાંધે છે ત્યારે ભાઇને જાણે દિવ્ય રક્ષાકવચ સાંપડી રહ્યું હોય એવા ભાવ જાગે છે. દુરિતથી ભાઇનું રક્ષણ કરવા માટે બહેનના હૈયેથી ઉઠેલી આશિષ પૂરતી થઇ રહે છે. સામે બહેનના હૈયેથી કરવાની વણલખી જવાબદારી ભાઇના શિરે થોપાઇ જાય છે. બધી બહેનોને બધી રીતે અનુકૂળ શ્વસુર ગૃહ ન પણ મળે, એવે સમયે ભાઇ જ - 'વીરો' જ એમની વહારે ધાય છે. આ પરંપરા હવે વધુ વ્યાપક સ્વરૂપે એક રાષ્ટ્રીય પર્વમાં ફેરવાઇ ગઇ છે. ગુજરાતમાં મહિલા મુખ્યમંત્રી ભારતના વડાપ્રધાનને રાખડી બાંધે છે, પાર્ટી સાથે જોડાયેલી બહેનો લાખોની સંખ્યામાં રાખડીઓ મોકલી આપી વડાપ્રધાન બનેલા ગુજરાતી વીરાના યોગક્ષેમ માટે પ્રાર્થના કરે છે. કયારેક આતતાયીઓનાં આતંકથી ઘેરાયેલી રજપૂતાણીએ મોગટ સમ્રાટ હુમાયૂંને રાખડી મોકલી આપી હતી અને એ મુસલમાન ભાઇએ હિંદુ બહેનના યોગક્ષેમને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો હતો. આમ રાખડીમાં બે ધર્મો વચ્ચે સેતુ બનવાની શક્તિ છુપાયેલી છે, દુશ્મનો વચ્ચે દોસ્તીનાં દ્વાર ખુલ્લા કરવાની ક્ષમતા પડેલી છે. શેરડીની કાતળી કાપતાં છરી વાગી ગઇ અને લોહી દદડવા લાગ્યું ત્યારે પાંચાલી દ્રૌપદીએ કૃષ્ણની આંગળી પર એનો પાલવ ફાડીને પાટો બાંધી આપ્યો હતો. કૃષ્ણે એનો કેવો ભવ્ય બદલો વાળ્યો હતો તે સુવિદિત છે. માતા કુંતીએ યુદ્ધમાં કૂદી પડતા પૌત્ર અભિમન્યુના કાંડે રક્ષાસૂત્ર બાંધ્યું હતું. એ રક્ષાસૂત્ર અકબંધ રહે તો એનો વાળ વાંકો થાય એમ નહોતો. અભિમન્યુને વીરગતિ પમાડવા પ્રભુએ પોતે ઉંદર બનીને એ રક્ષાસૂત્ર કાપવું પડ્યું હતું. રાખડી સામે ભગવાન પર લાચાર બની જાય છે. બલિરાજા સાથે ભગવાન વિષ્ણુને પાતાળ નિવાસ કરવાનો સમય આવ્યો  ત્યારે એ રાક્ષસ રાજવી પોતાના સોહાગની રખેવાળી કરે, એવા આશય સાથે સ્વયં લક્ષ્મીજી એને રાખડી બાંધે છે. રાખડી એ ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ મૂલ્યોનું પ્રતિક છે. અણસમજુ બાલિકાથી માંડી મરણાસન્ન વૃદ્ધા સુધીની સ્ત્રી જાતિ માટે રક્ષાબંધન એ જીવનનો લહાવો લૂંટવાનું મંગલકારી પર્વ છે. આ જ દિવસે ભૂદેવો એમની જનોઇ બદલે છે. અને એ રીતે એમનું દ્વિજત્વ નવીનીકરણ પામે છે. ખેડૂતો માટે બળેવ આગામી વરસના શુકન જોવાનું - 'બળેવિયા' ફોડી ખેતી અને વરસાદની આગોતરી માહિતી મેળવવાનું પર્વ છે. હિંદુ ધર્મના દરેક પર્વ પાછળ ઊંડો મર્મ છુપાયેલો છે. દુનિયાભરમાં સ્ત્રીનો મહિમા નહોતો ત્યારથી - આદિ અનાદિથી આપણા આ મહાન ભારતવર્ષમાં કન્યાથી લઇ માતા સુધીની મહિલાઓનું આગવું મહત્ત્વ હતું. એમની પાસે જે આશીર્વાદનું અમોઘ રક્ષાકવચ હતું તે ભલભલા મહારથીનાં અમોઘ શસ્ત્રો કરતાં ચડિયાતું હતું. એકવીસમી સદીની બહેનને એના ભાઇ માટે એવી જ લાગણી અકબંધ છે. આજે બહેનો એ ગરિમાપૂર્ણ સ્થિતિએ પહોંચી છે કે ભાઇઓનું રક્ષણ કરી શકે. પરંતુ બેઉ વચ્ચેનો ભાવનાત્મક સેતુ જળવાય એ જરૂરી છે, અને તેથી રક્ષાબંધન - બળેવનું પર્વ એ લિંગભેદનાબૂદીનું પ્રતીકપર્વ બની રહે છે.

## દ્વારકેશ સોસાયટીનું અનોખુ યોગદાન

વાવોલ, તા. ૯

ગૃહિણીઓ પોતાના સમય અને બચતમાંથી નાનો અંશ સમાજને પ્રદાન કરે તો કેટલું સુંદર કામ થઈ શકે તેવું ઉદાહરણ ગાંધીનગર ક રોડ પર આવેલ દ્વારકેશ સોસાયટીની મહિલાઓએ ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ છે. દર માસે ફલેટદીઠ માત્ર ૧૦ રૂપિયાની રકમ એકત્ર કરી આ રકમમાંથી વાવોલ ગામની શાળાના ગરીબ વિદ્યાર્થીઓને નોટબૂકનું વિતરણ, બીજા માસે સીવીલ હોસ્પિટલમાં સગર્ભા મહિલાઓને પૌષ્ટિક શિરાનું વિતરણ, શ્રાવણ માસમાં સેક્ટર-૧૬ અંધશાળામાં બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી અને ચોકલેટનું વિતરણ કરી સુંદર પ્રવૃત્તિઓ સાથે કરી રહેલ છે. આ ઉપરાંત નજીવા દરે અંગ્રેજીના વર્ગ, મહા આરતી, સ્વચ્છતા ઝુંબેશ, ધૂમ્રપાન વિરૂદ્ધ અભિયાન આદરેલ છે. શ્રી સંજય પંડ્યા પ્રમુખશ્રી દ્વારકેશ રેસીડન્સી સોસાયટી વાવોલે જણાવેલ છે.




ગાંધીનગર નજીક સ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે આજે માછીમાર માટે કાયદા અમલવારી અંગે મહત્વનો સેમિનાર યોજાયો હતો. જેમાં ગુજરાત પોલીસના સહયોગથી રાજ્યના ૩૩૩ માછીમારોએ વિવિધ જિલ્લામાંથી હાજરી આપી હતી. આ સેમિનારમાં ડીજીપી પી.સી. ઠાકુર, ડીઆઈજી સુભાષ ત્રિવેદી, જીએનએલયુ ડાયરેક્ટર ડૉ. બિમલ પટેલ, કોસ્ટલ આઈ.જી. કુલદીપસિંગ શેઓરાને હાજરી આપીને દરિયામાં સંરક્ષણ અને ઘટનાઓ, કોસ્ટલ રેલ્યુલેટરી સ્ત્રોત, મત્સ્ય કાયદા, દરિયામાં માછીમારોને કોસ્ટગાર્ડ દ્વારા મદદ અને સલામતી સહિતના વિષયો અંગે તંદુરસ્ત માહિતી આપી હતી. ૧૫ ઓગસ્ટ બાદ ફીશીંગની આવી રહેલી ટીમને ધ્યાને લઈને ડીજીપી ઠાકુરે બોટના કલર કોડ, જીપીએસ સીસ્ટમ, લાઈફ જેકેટ બોટ, બાયોમેટ્રીક કાર્ડ અને ટ્રાન્સપોન્ડની અનિવાર્યતા અને ઉપયોગીતા અંગે માછીમારોને માહિતી આપી હતી.



## સેક્ટર-૬ સરસ્વતી વિદ્યાલયમાં રક્ષાબંધન ઉજવાઈ

સેક્ટર-૬ સરસ્વતી વિદ્યાલયમાં ભાઈ-બહેનના પર્વ રક્ષાબંધનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા બાલ મંદિરથી લઈને ધોરણ-૧૨ના ભાઈઓને બહેનોએ કુમકુમ તિલક કરી હાથે રક્ષારૂપી રાખડી બાંધી હતી. ભાઈને દીર્ઘાયુ માટે આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ભાઈઓએ બહેનોનું મોં મીઠું કરાવ્યું હતું.

# જલુંદ માધ્યમિક શાળાનું છેલ્લા ચાર વર્ષથી કન્યાઓનું પરિણામ ૧૦૦ ટકા

## શિક્ષણમંત્રીના હસ્તે શાળાને ૧૧,૦૦૦નો રોકડ પુરસ્કાર એનાયત

ગાંધીનગર, તા. ૯

તાલુકાના જલુંદ ગામે માર્ચ-૨૦૧૪ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં બેઠેલ કન્યાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી, ગાંધીનગર દ્વારા શાળા પુરસ્કાર સમારોહ યોજવામાં આવ્યો હતો. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી કન્યા કેળવણીનિધિ યોજના ચલાવવામાં આવે છે. ત્યારે તાલુકાના જલુંદમાં આવેલ ગાયત્રી માધ્યમિક શાળાની એસ.એસ.સી.ની વિદ્યાર્થીનીઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા યોજાયેલ શાળા પુરસ્કાર સમારોહમાં ગાયત્રી માધ્યમિક શાળાને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે રૂ. ૧૧,૦૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

છેલ્લા ચાર વર્ષથી આ શાળાની કન્યાઓનું પરિણામ ૧૦૦ ટકા આવે છે. શાળાના શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીનીઓને સલામ કરવાનું મન થાય. શાળાને પુરસ્કાર આપવા બદલ શાળા મંડળ દ્વારા સરકારનો અને શાળા પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સે. ૧૫ સાયન્સ કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૯

સેક્ટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજમાં પ્રથમ વર્ષ બી.એસ.સી. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે ડૉ. એસ.જી. દેસાઈ, આચાર્ય, વાણીજ્ય કોલેજ ઉપસ્થિત રહ્યા હતા.

સેક્ટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજમાં વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. ગત ૫ ઓગસ્ટના રોજ બાયસેગ હોલમાં મુખ્ય મહેમાન પદે ડૉ. એસ.જી. દેસાઈ, મીની જોસેફ, પી.આઈ. સેક્ટર-૭ મહિલા પોલીસ સ્ટેશન, બી.જી. ભાભર પ્રાધ્યાપક પોલીટેકનીક અમદાવાદ યોજાયો હતો.

પ્રવેશોત્સવની શરૂઆતમાં સરસ્વતી દેવીની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી, ભેટ આપી આવકારવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને કારકિર્દી માટે ખુબજ મહેનત કરવા માટે જણાવવામાં આવ્યું હતું.

## આદર્શ નિવાસી શાળામાં ભાષાશુદ્ધિ વાંચન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૯

આદર્શ નિવાસી શાળા અનુજાતિ કુમાર સેક્ટર-૮ ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓમાં વાંચન સારૂ થાય તેમજ ભાષા શુદ્ધિ માટે વાંચન શિબિરનું આયોજન શાળાના શિક્ષિકા શ્રી તેજલબેન બ્રહ્મભટ્ટે કરેલ હતું. જેમાં ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ નંબરે શ્રી રાહુલ સોલંકી, દ્વિતીય નંબરે દર્શક વાંઝ અને શ્રી મુકેશ મહેશ્વરી અને તૃતીય નંબરે શ્રી હિતેષ પરમાર આવ્યા હતા. શાળામાં આદર્શ નિવાસી શાળા (કન્યા) અ.જા.ની વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વ નિમિત્તે રક્ષા બાંધી ઉજવણી કરી હતી.





## ડભોડામાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે ડભોડાની એમ.એચ. વિદ્યામંદિર ખાતે કાનૂની શિબિર યોજાઈ હતી. આ કાનૂની શિબિરમાં કેળવણી મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ અધ્યક્ષ પદે ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં રાજલબેન ગજેરા, સંજયભાઈ પટેલ, ગાયત્રીબેન ઉપાધ્યાય, સ્વાતિબા રાઓલ, નરેન્દ્રભાઈ વાઘેલા વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને બાળ સુરક્ષા, સુરક્ષા અધિકારો, રક્ષણ, પોલીસને લગતા કાયદા, કાનૂની સહાય, વિવિધ યોજનાઓ અને લાભો અંગે માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કાર્યક્રમમાં શંકરાજી સોલંકી, હિંમતસિંહ ઠાકોર, દિનેશભાઈ પટેલ, આચાર્ય અશોકભાઈ મોદી વગેરે હાજર રહ્યા હતા. જ્યારે આભારવિધિ રાજુભાઈ ગજ્જરે કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓનો કરાટે અને હેન્ડબોલમાં વિજય

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર રમતગમત કચેરી દ્વારા હેન્ડબોલ ટૂર્નામેન્ટનું આયોજન શેરથા હાઈસ્કૂલમાં યોજાયું હતું. આ સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજાના વિદ્યાર્થીઓને અન્ડર-૧૪માં બીજા ક્રમે અન્ડર-૧૭માં બીજા ક્રમે અને અન્ડર-૧૯માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જિલ્લા ચેમ્પિયન બન્યા હતા.

કરાટે કોમ્પિટીશન ઓમલેન્ડ માર્ક ચિલોડામાં યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજાના વિદ્યાર્થીઓએ અન્ડર-૧૭માં પટેલ માનવ ૭૦ કીલોમાં પ્રથમ, શાહ હર્ષ ૫૫ કીલોમાં બીજા ક્રમે, પટેલ રોશન ૭૦ કીલોમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો હતો. અન્ડર-૧૯માં પટેલ જય મીન એમ.ને બીજો નંબર મેળવ્યો હતો.

## ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ એસોસિએશન દ્વારા એર રાયફલ શૂટીંગ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ એસોસીએશન દ્વારા એર રાયફલ શુટીંગ સ્પર્ધા તા. ૩૦-૩૧ મી ઓગસ્ટના રોજ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય સેક્ટર-૧૨માં યોજાશે. તા. ૧૫મી ઓગસ્ટના રોજ ૧૦ મીટર એર રાયફલ પીપસાઈટ, પિસ્તલ ભાઈ-બહેનની સ્પર્ધા યોજાશે. તા. ૧૬મી ઓગસ્ટે પોલીસ અકાદમી કરાઈ મુકામે ૫૦ મીટર રાયફળ પ્રોન તથા પિસ્તલની ભાઈ-બહેનોની સ્પર્ધા યોજાશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ વિવિધ સંસ્થાના તેમજ ઓપન વિભાગના સ્પર્ધકોએ એસોસીએશનના પ્રમુખશ્રી મહેશભાઈ સોલંકી પ્લોટ નં. ૨૯૭, સેક્ટર-૧-સી ફોન નં. ૨૩૨-૨૦૦૮૬ અથવા ઉપપ્રમુખ નટુભાઈ લાડાણી, શ્રી ગજેન્દ્રસિંહ બારડ, સેક્રેટરીશ્રી હિતેન્દ્રસિંહ રાઠોડનો સંપર્ક કરવો. શાળા-કોલેજની એન્ટ્રી શ્રી નટુભાઈ લાડાણી અથવા એસોસિએશનને મોકલવી.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય રાજ્યકક્ષાએ રમશે

ગાંધીનગર, તા. ૯

શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં અન્ડર-૧૯ જ્યુ જીત્સુ સ્પર્ધા જિલ્લાકક્ષાની યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બહેનો પ્રથમ નંબરે વિજેતા બની છે. જેઓ રાજ્યકક્ષાએ રમવા જશે. ચૌધરી વસંતી એચ, ડેકલિયા રીના અને ચૌધરી નીતા એચ. ચૌધરી નૈના એમ. ચૌધરી દિવ્યા જી., ચૌધરી મનીષાબેન જી. ચૌધરી રેખા પી. ચૌધરી હિના ડી. વિજેતા બહેનોને શાળાના આચાર્યા શ્રી સંતોકબેન, વ્યા.શિ. શ્રી લીલાબેન તેમજ સમગ્ર શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

## ઉમા મહિલા કોલેજની વિદ્યાર્થીઓની સિદ્ધિ

ગાંધીનગર, તા. ૯

ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ગુજરાત ગર્લ્સ બટાલીયન ખાતે એન.સી.સી.નું સી.એ.ટી.સી. કેમ્પનું ૧૦ દિવસનું આયોજન કરાયું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થીની કુમારી પલક જોષી, ઝાલા અનિલા, પરમાર આરતી, પંડ્યા અર્ચના તથા પરમાર પાયલે વક્તૃત્વ, નિબંધલેખન, પરેડ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ તથા બ્રોન્ઝ મેડલ મેળવેલ હતા. કોલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## જે.એમ. ચૌધરી વિદ્યાલય સિલમબમ સ્પર્ધામાં વિજેતા બની

ગાંધીનગર, તા. ૯

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં અન્ડર-૧૯ સિલમબમ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને વિજેતા બનેલ છે. હવે રાજ્યકક્ષાએ રમવા જશે.

ચૌધરી મનીષા સી., ચૌધરી ભારતી સી., ચૌધરી હંસા પી., ચૌધરી પિન્કી એમ., ચૌધરી નીતા એચ., ચૌધરી વસંતી એચ., કટારા સિયા આર., ચૌધરી વર્ષા ડી., ચૌધરી કિરણ આર, ડેકલિયા, રીના એન., ચૌધરી, મુન્ની જે. આચાર્યશ્રીમતી સંતોકબેન, વ્યાયામ શિક્ષક શ્રી લીલાબેન તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...



હેપ્પી રક્ષાબંધન... દરેક ભાઈ-બહેનોના અચ્છે દિન....!!!

# રાજપુત સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ ભાઈ-બહેનોને સન્માનશે

ગાંધીનગર, તા. ૯

શ્રી રાજપુત સમાજ ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા રાજપુત સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રાજપુત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સમાજના ભાઈ-બહેનોને સન્માનનો કાર્યક્રમ તા. ૯ ઓગસ્ટ,શનિવાર બપોરે ૩.૦૦ કલાકે શ્રી રાજપુત સમાજ ભવન સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે રાખેલ છે. સમાજના આ અભિનય સન્માન કાર્યક્રમમાં ગાંધીનગર શહેર અને જિલ્લાના તમામ રાજપુત ભાઈઓ તથા બહેનોને હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

સમાજના ભાવિ ઘડવૈયાનો ઉત્સાહ વધારવા માટે સમાજના પ્રમુખ કરણસિંહ વાઘેલા અને વિક્રમસિંહ ગોલ દ્વારા ભાવભીનું આમંત્રણ સમાજના દરેક ભાઈ-બહેનોને પાઠવવામાં આવેલ છે.

# શહેર પેન્શનર્સ સમાજ ધ્વજવંદન કરશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરશે. સંસ્થાના કાર્યાલય સેક્ટર-૨૨ સ્વસ્તિક કોમ્પલેક્ષ ખાતે સવારે ૧૦.૦૦ વાગે પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ દ્વારા ધ્વજવંદન કરવામાં આવશે. આ પ્રસંગે હોદ્દેદારો કારોબારી સભ્યો, સેક્ટર પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં દૂરદર્શનના કયા કાર્યક્રમને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન આપવામાં આવ્યું છે?

➔ **નાદ ભેદ - ધ મિસ્ટ્રી ઓફ સાઉન્ડ**

૨. ૨૦૧૪માં કઈ પ્રથમ અશ્વેત મહિલા ઓલંપિક ચેમ્પિયનનું નિધન થવા પામ્યું હતું?

➔ **એલિસ કોચમેન**

૩. ૨૦૧૪માં ૪૫માં ભૌતિક ઓલંપિયાડનું આયોજન કયા કરવામાં આવ્યું હતું?

➔ **અસ્તાના**

૪. ૨૦૧૪માં બ્રિટીનના રાજકોષ સચિવ તરીકે ભારતીય મૂળના કયા વ્યક્તિની નિમણૂંક કરવામાં આવી છે?

➔ **પ્રીતિ પટેલ**

૫. ૨૦૧૪માં કયા ભારતીય કલાકારને બર્કલી કૉલેજ ઓફ મ્યુઝીક દ્વારા ડૉકટરેટની માનદ ઉપાધિ આપવામાં આવી?

➔ **એ. આર. રહેમાન**

૬. ૨૦૧૪માં ઈન્ડોનેશિયાના નવા રાષ્ટ્રપતિ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?

➔ **જોકો વિદોદો**

૭. ૨૦૧૪માં ફુટબોલ રમતમાંથી નિવૃત્ત થનાર ફિલિપ લહમ કયા દેશની ફુટબોલ ટીમના કેપ્ટન છે?

➔ **જર્મની**

૮. ૨૦૧૪માં ભારતીય ઈતિહાસ અનુસંધાન પરિષદના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?

➔ **વાઇ. સુદર્શન રાવ**

૯. ૨૦૧૪માં મલેશિયાના યાત્રી વિમાનને યુક્રેનમાં કઈ મિસાઈલ દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું?

➔ **એસ.એ-૧૧**

૧૦. ૨૦૧૪માં ઈરાકના રાષ્ટ્રપતિ પદે કોની વરણી કરવામાં આવી છે?

➔ **મોહમ્મદ ફઆદ માસૂમ**

૧૧. ૨૦૧૪ બ્રિક્સ વિકાસ બેંકના બોર્ડ ઓફ ગવર્નસની પ્રથમ અધ્યક્ષતા કયા દેશને આપવામાં આવી છે?

➔ **રશિયા**

૧૨. જર્મન ગ્રાંડ પ્રીક્સ-૨૦૧૪ કયા ખેલાડીએ જીતી હતી?

➔ **નીકો રોસેબર્ગ**

૧૩. ૨૦૧૪માં ભારતની મુલાકાતે આવેલા 'જિમ યોગ કિમ' કઈ બેંકના અધ્યક્ષ છે?

➔ **વિશ્વ બેંક**

૧૪. ગ્લોબલ ઈનોવેશન સૂચકાંક-૨૦૧૪માં ભારતનું સ્થાન કેટલામું છે?

➔ **૭૬મું**

૧૫. ૨૦૧૪માં બિઝનેશ-૨૦ (બી-૨૦) શિખર સંમેલનનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?

➔ **સિડ્‌ની**

૧૬. ૨૦૧૪માં કયા દેશને ફિફાની વિશ્વ રેકિંગમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે?

➔ **જર્મની**

૧૭. ૨૦૧૪ સંગીત કલાનિધિ પુરસ્કાર કોને જીત્યો હતો?

➔ **નારાયણસ્વામી અય્યર**

૧૮. ૨૦૧૪માં ભારતીય સુપ્રીમ કોર્ટ દ્વારા અરૂણા શાનબૌગ મુદ્દે દિશાનિર્દેશ આપવામાં આવ્યો છે આ મુદ્દો કઈ બાબત સાથે સંબંધ ધરાવે છે?

➔ **ઇચ્છામૃત્યુ**

૧૯. ૨૦૧૪ પ્રેમ ભાટીયા પુરસ્કાર કોણે જીત્યો હતો?

➔ **સ્મિતા ગુપ્તા**

૨૦. ૨૦૧૪માં ઓડિસાના કયા માઓવાદી નેતાને પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યો છે?

➔ **સબ્યસચિ પાંડા**